ગ્રંથ ૨૧

શ્રી

સરસ્વતિ નાટક સમાજ.

અદલ-ઇન્સાફ

નામક નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો

પ્રકાશક.

વી૦ એચ૦ સાહ ઍન્ડ વી૦ ટી૦ ભોજક
શ્રીસરસ્વતિ નાટક સમાજના માલેકો
સુરત.

આ નાટક બાબતના દરેક હક્ક ૧૮૬૭ના ૨૫મા એક્ટ પ્રમાણે માલેકોએ પોતાને સ્વાધીન રાખ્યા છે માટે તેમની રજા સિવાય કોઇએ ભજવવું ભજવવાનું [redacted]

અગર ૭ ________

કીમત બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૪૯૮૩

મકાન બંધાવનારને ઉત્તમ તક.

હમારે ત્યાં તાંદુરી, [illegible]વંદગી, શાહાબાદી, વીગેરે દરેક જાતની અને કોઇ પણ સાઇઝની રફ તથા પૉલીસ લાદીઓ, ફેન્સી વીલાયતી તેમજ દેશી ટાઇલ્સ, મેંગલોરી નળીઆં અને હાથ છાપ સીમીટ, વીગેરે જથાબંધ તથા છુટક મળશે.

તેમજ

લાદીઓ, ટાઇલ્સ અને ગાલીચા કંટ્રાકટથી બેસાડી આપીશું.

બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવેછે

ચંદુલાલ ઠાકોરદાસની કુંપની.

નં૦ ૪ ડંકનરોડ—મુંબઈ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૨-૮૩ वर्गांक

पुस्तकनुं नाम સરદાર વલ્લભભાઈનાં ભાષણો

विषय ૯-૨-૪

श्री

પ્રકાશકોના વિજ્ઞપ્તિ રૂપે બે વાકય.

પરમકૃપાળુ જગદીશ્વરની કૃપામયી પ્રેરણાથી સ્વલ્પ સમયમાંજ ઉત્પન્ન થયેલી અને તે પરાત્પર પ્રભુનો તેમજ હિતેચ્છુ સજ્જનોનો સદાશ્રય શાશ્વત ઇચ્છતિ આ અમારી ' શ્રી સરસ્વતિ સંમાજ ' નામક નુતનનાટય સંસ્થા અપૂર્વ આહ્લાદ સાથે આ સુરત નગરના શોખીન, પ્રવિણને રસજ્ઞ પ્રેક્ષકો સમક્ષ આજે તનમનધનથી પૂર્ણ પરીશ્રમે તૈયાર કરેલો પોતાનો અદલ ઇન્સાફ, નામે તદ્દન નવો ખેલ લઇ રજુ થાય છે, તો રસીક પ્રેક્ષકો સંતોષ પામી અભિ રૂચીરૂપ જળ સીંચી અમારી આશા લતાને ફળવતી કરે એવી ઉરેચ્છા છે. તેમજ સુજ્ઞ પ્રેક્ષકોના મુખે પ્રસંશાત્મક ઉદ્દગારો શાંભળવા, તથા પોતાના ઉત્સાહની વૃદ્ધિ થવા આ સરસ્વતી પ્રસાદક સરસ્વતી નાટક સમાજ ભાગ્યવાન બનો એવી વિશ્વપતિ પ્રત્યે અમારી અભ્રવિજ્ઞાપના છે. આ નાટક સંસારી કીન્તુ શ્રંગાર હાસ્યાદી, રસોથી ભરપુર ચિત્તાકર્ષક તેમજ જનસમાજને બોધ દાયક છે. તથાપી કરકંકણને આદર્શની અગત્ય નથી, માટે વિશેશમાં જોઇને ખાત્રી કરવા સુજ્ઞ પ્રેક્ષકોને ભલામણ છે. જોકે પ્રસ્તુત નાટક પ્રયોગમાં પ્રાયઃકાળજી પૂર્વક ખામીઓ નિવારવામાં આવી છે. છતાં અતિસંક્ષિપ્ત સમયમાં ત્વરાથી બહાર પાડેલા આ અમારા પ્રથમ પ્રયાસમાં કદાચ કંઇ દોષ જણાય તો ઉદારતાથી ક્ષમા કરી ગુણજ્ઞ પ્રેક્ષકો સદાહંસ પેઠે. સાર ગ્રાહી થશો. એજ આશા કૃપાભિલાસી. વી. એચ. શાહ એન્ડ. વી. ટી. ભોજક.

નાટકના પાત્રો.

પુરૂષપાત્ર.

ડીટેકટીવ ફ્રેજર... ...ઓમએનો છુપી પોલીસનો એક ઉપરી.

રણધીરસીંહ ઉર્ફે મણીલાલ ......સોનેરી ટોળીનો અગ્રેસર.

બહાદુર... ... ...ટોળીમાંનો એક સરદાર.

આણંદલાલ... ... ...ટોળીમાંનો છળચતુર મેનેજર,

કાન્તિલાલ... ... ...ઠગ શિરોમણી મણીલાલનો દીકરો.

મખમલલાલ...... ...ટોળીમાંનોજ માણસ.

અરદુશા... ... ...વૃદ્ધ છતાં ફેશનવાળી સ્ત્રીનો ઉમેદવાર વણિક.

ટપુડો...... ... ...અરદુસાનો છોકરો.

પોપટ...... ... ...મણીનો વફાદાર (બોય) છોકરો

સરજન .. ..ડોકટર.

ગંગારામ ... ...એક બ્રાહ્મણ.

જજ... ... ...શેશન્સ કોર્ટનો ન્યાયકર્તા.

સ્ત્રી પાત્રો.

સરસ્વતિ... ... ...વાણીની અધિષ્ઠાતા દેવી.

મણી... ... .એક શ્રીમંત વણિકની સ્વતંત્ર સુધરેલી કન્યા પાછળથી ઠગારા મણીલાલના દાંભિક પ્રેમમાં ફસાનાર ભોળી સ્ત્રિ નાટ્યની નાયકા.

મીસ ફ્લોરા ... ...એક મડમ.

માણેક... ... ...અરદુસાની સ્ત્રી.

કમલા }
ચંદ્રીકા } ... ...બંને મણીની સુધરેલી સહીઓ

ચંપા... ... ...અરદુશાને ઠગવાને કૃતિમ સ્ત્રી રૂપે મણી-
લાલનો છોકરો કાંતીલાલ.

મ્હેરાં... ... ...એક પારસણ.

મેનાં ... ...મણીની મરહુમ બેનની દોકરી.

ચપકગવરી... ... ...ગંગારામની સ્ત્રી.

ઇ. પ્રી. વકીલ-બેરીસ્ટરો, લસ્કરીઓ, નાયકાઓ, બાળાઓ, છોકરા, ભૈયાઓ, વ્યસની મંડળ, સીપાહીઓ, જમાદાર, વિગેરે વિગેરે.



" નાટકનો ટુંક સાર "

મંગળાચરણ વસ્તુ વિવેચન

પ્રવેશ પહેલો—સ્થળ પહાડની ગુફા સોનેરી ટોળીની છુપી બેઠક ડીટેકટીવ ફ્રેજરે એ ટોળીને પકડવાની કહાડેલી જાહેરાત વાંચતાં ટોળીના સરદારનું નજર પડવું અને પોતાની ટોળીને મક્કમ બનાવવા ઉશ્કેરવું, દોસ્તોની દ્રઢતા પછી ધૂર્ત મંડળીનું શિકાર શોધવા શહેરમાં જવું.

પ્રવેશ બીજો—મણીનો વીઝીટહોલ સુધારા ઉપર મણી તથા તેની સહીઓનું કેટલુંએક વિવેચન મણીના બોય પોપટની પ્રેક્ટીકલ જેન્ટલ મેન શીપ મણીએ મ્યુઝીક માસ્તર માટે છાપામાં જાહેર ખબર મોકલવી અને મણીના (બર્થ ડે) જનમ દીવસની ખુશાલીનો મીસ ફ્લોરાના પ્રમુખ પણા નીચે બાનુઓનો મેળાવડો તથા ઈંગ્લીશ ડેન્સ.

પ્રવેશ ત્રીજો—રસ્તો બહાદુર ડિટેકટીવ ફ્રેજરના સોનેરી ટોળીને પકડવાના દ્રઢ વિચારો એટલામાં ટોળીના સરદારનું મણીએ આપેલી છાપામાંની જાહેર ખબર જોતાં અને ખુશી થતાં આવવું પોતાના દોસ્તોને બોલાવી ખબર આપવી છુપી રીતે ડિટેકટીવે બીખારી વેશે મળી સર્વ હકીકતથી માહેતગાર થવું. આનંદલાલે એક વાણીયાનો શિકાર શો-

ધ્યો છે ને જાહેર કરવું સરદારના જવા સાથે ડિટેકટીવનું પાછલ પડવું એક ફેશનેબલ બૈરી પાછળ ઘેલા થએલા અરડુશા નામના વાણીયાને બીજા ધૂર્ત મંડળના માણસો એ મખમલાલ અને રેશમલાલ રૂપે સુધરેલી બૈરી પરણાવવાના ફાંસામાં લેવો અને અરડુશાની ગમ્મત.

પ્રવેશ ચોથો—મણીનું ગાર્ડીંગ રૂમ ઉસ્તાદ વેશે ડિટેકટીવ ફ્રેજરે આવી ટોળીના સરદાર વિશેની ખાનગી તપાસ કરવી અને મણીના એક ચોપટને નિમકહલાલોને રસ્નેદારી વિશેષ બાતમી લેવા બાંધી લને પાછળથી સોનેરી ટોળીના સરદાર રમણુધારે મખીલાલ નામ ધારણ કરી મ્યુઝીક માસ્તર વેશે આવી મણીને ભોલવીને ત્યાં રહેવું (ટોળાના સરદારને હવે મણીલાલ નામથી ઓળખવામાં આવશે.

પ્રવેશ પાંચમો—ઠગોનું એક ભાડુતી ઘરમાં રહી સરવેએ ઘરના માણસોના જુદા જુદા વેશ કરી લેવા અને મણીલાળના દીકરાને મીસ ચંપા બનાવી અરડુશને ફસાવવાની તાલ મેલ મણીલાલે આવી એક પ્રપંચી પ્રેમ પત્રિકા લખવાની ભલામણ કરીને જવું. અરડુશા આવતાં બનાવટી ચંપા બતાવી ત્રણ લાખ રૂપીએ સેટલ કરવું જેમાં લવ કરવો ઠરાવી બે લાખ રૂપીયા ડિપોઝીટ તરીકે ગોલ્ડન બેન્કમાં જમા મુકાવવાનો ઠરાવ અને અરડુશાની ગમ્મત

પ્રવેશ છઠો—મણીએ મણીલાલને રહેવા આપેલો બગીચા સાથેનો બંગલો મણીએ આવી બે પ્રપંચી પત્રો વાંચતાં ઉશ્કેરાવું અને મણીલાલને પોતાનો કરી રાખવા દ્રઢ નિશ્ચય ક

રવો. મણીલાલે લપંટ થઇ મણીને બોલવી પોતાની બનાવી લેવી.

પ્રવેશ સાતમો—રસ્તો ઉપરનો પ્રપંચ સમજી ગએલ પોપટનું ચિંતાતુર ચેહેરે આવવું. મણીલાલે લાગ જોઇ પોપટને પોતાનો કરી લેવા વિચાર પરતુ પ્રયત્ન નિષ્ફલ જતાં વફાદારીનાં વખાણ કરી વાત ફેરવી નાંખવી ડિટેકટીવે એક અજાણ્યા માણુસ વેશે જઇ પોપટથી સર્વ બાતમી મેળવવી અને તે સર્વ ટોળીને કાલે પકડવાની છે. એમ બોલવું મણીલાલ સાંભળી જતાં ડિટેકટીવને આજે રાતના પોતાની ટોળી પાસે ખુરો કરાવવાનો નિશ્ચય કરી જાય છે. પોપટને ડિટેકટીવનો રીલાસો.

પ્રવેશ આઠમો—ડિટેકટીવની બેઠક રૂમ ટોળીવાળાઓનું છુપે વેશે છુપે રસ્તેથી દાખલ થઇ ડિટેકટીવને બે શુદ્ધ બનાવી લઇ જતાં દારોગાનું દેખી જવું ધુમાધુમ અને નાસભાગની સાથે સીનટ્રાન્સફર ભયાનક જંગલમાં ટોળીવાળાઓએ ડિટેકટીવને લાવા એક ઝાડ સાથે બાંધી સળગાવતાં પોલીસોનું આવવું ડિટેકટીવને બચાવી લેવો.

ટેબ્લો

અંક ૨ બીજો.

પ્રવેશ પહેલો—જંગલ ડિટેકટીવ બચી જતાં પોતાનું કરતુક જાહેર થયું તે માટે ટોળીવાલાઓની ચીંતા અને પોતાનો સરદાર જેમણી સાથે માથેરાન ગયો છે તેને ચેતાવવાનો

વિચાર મણીલાલના દીકરાએ નાયકા રૂપે ત્યાં જવું.

પ્રવેશ બીજો—માથેરાનમાં મણીનો બંગલો મણી સાથે મણીલાલ નો પ્રપંચી પ્રેમ નાયકા વેશે તેના દીકરાએ આવી ચેતાવી જવું એક બહાને મણીની મોટી બેનની દીકરી મેનાને મુકી જવું.

પ્રવેશ ત્રીજો—અરડુશાનું ઘર સુધરેલ બૈરીના શોખીન અરડુશાના તેની જુની બૈરી સાથે કોમીક ઉમેદવારો ચંપાનું આવી બનાવટી લવ કરવો અને તેઓના ઇંગ્લીશ લવ ડેન્સમાં ટપુડાની ગમ્મત.

પ્રવેશ ચોથો—મણીનો બંગલો મેનાં પોપટનો નિર્દોષ આનંદ કાઢ વાલા તરીકે રહેલા ડિટેકટીવની બારીક તપાસ મણીએ મણીલાલના નામપર ટ્રાન્સફર કરાવેલાં વીલો ટેબલ પર મુકતાં ચંચલ ડિટેકટીવે તે છુપી રીતે લઇ લેવાં જેનું તોહમત પોપટ પર આવતાં પોપટને કહાડી મુંકવો દુખી પોપટના કરૂણ અવાજ સાંભળી ડિટેકટીવે તેને પોતાની સાથે અનમાં રાખવો.

પ્રવેશ પાંચમો—રસ્તો ટોળીવાળાઓનું આવી મણીને મારી નંખાવવા મણીલાલને સમજાવવાના વીચારો, અને પોતાની ઠગ વિદ્યાનો દારૂડીયા વિગેરેપર ઉપયોગ કરતાં મારવાડી વેશે ડીટેકટીવનો મેળાપ થતાં તેને ઘાયલ કરી નાસી જવું. આશ્ચર્ય કારક ટેબ્લો.

પ્રવેશ છઠો—અરડુશાનું ઘર. ચંપાનું આવી અરડુશાને મઠમબનાવી નાસી જવું. માણેક તથા છોકરાઓનું આવવું, અને અરડુશાની ફજેતીનું ફારસ.

પ્રવેશ સાતમો—મણીનો દરીયાઇ મહેલ. આનંદલાલે આવી મણીલાલને મણીને મારવા માટે ઉશ્કેરવો, અને ઝેરી દવા લેવા માટે જવું. પાછળથી મણીલાલના વિચારો પલટાઇ જવા અંતે આનંદલાલે ઉશ્કેરી મણીને બેશુદ્ધ બનાવી દરીયામાં ફેંકી દેવી. જે ગભરાટ સાંભળી મેનાં તથા ડીટેકટીવનું પોલીસો સાથે આવી મણીને બચાવી લેવી. ટોળીવાળાઓ માલમતા લઇ નાસતાં એક માણસનુ સપડાઇ જવું.

" ટેબ્લો "

' અંક ત્રીજો."

પ્રવેશ પહેલો—રસ્તો સપડાઇ ગએલ એક ઠગને મારી તેની ટોળાનું છુપુ ઠેકાણુ મેળવવુ. મણી વીશેના ગંભીર સમાચાર સાંભળી જવું.

પ્રવેશ બીજો—ડીટેકટીવનું રૂમ, પવીત્ર-હૃદયની મણીની બેશુદ્ધી સાથે દીવાની હાલત જોઇ પોપટની કરૂણાવસ્થા, ડીટેકટીવે સરજ્યનને બોલાવી શુદ્ધીમાં લાવી સર્વ સમજણ આપવી. મણીનો ફોગટ ફેશન ઉપર પુરો પસતાવો.

પ્રવેશ ત્રીજો—ઠગોનું ભાડુતી ઘર .પોતાના જાહેર થએલા આ બીજા કરતુકથી આનંદલાલનો ઉચાટ. કાન્તીલાલે શાંત કરી એક લાખ રૂપીયા લેવાનો નિશ્ચય ધર રાખવા આવેલ એક ગંગારામ નામના બ્રાહ્મણને પોતાનુ ઘર ભાડે આપી છુપ થ જતાં અરદુશાનું ગુસ્સામાં આવી ગંગારામને પો-

૪૯૯૩

તાનો સસરો સમજી પકડવો અરડુશા અને ગગારામ વચ્ચે ગમ્મત ગોટાળો તથા ટ્રાઇકલની મજાક.

પ્રવેશ ચોથો —પહાડની ગુફામાં સોનરી ટોળીનો ખુસાલીનો જલસો પાછળથી ડીટેકટીવ તથા પોપટનું એક ગરીબ બાપ દીકરા વેશે આવવું અને પકડવા જાહેર થવું. ટોળી ડીટેકટીવ તથા પેલાસો વચ્ચે લડાઇ ટોળીનું પકડાવું ટેબ્લો.

પ્રવેશ પાંચમો—ઠગોના ભાડુતી ઘરમાં રહેલા ગંગારામની દીકરી સુમનને ચંપા સમજી અરડુશાની ગમ્મત આનંદશાલે આવી ખુલાસો કરી ખરી ચંપા રૂપ કાન્તિલાલ સાથે એક લાખ રૂપીયા લઇ અરડુશાના હાથેવાળો મેળવ્યો પછી એકાએક છોકરો જાહેર થયા. તેઓએ પોલીસને બોલાવી પકડાવવા માણેક અત્રા શીખામણ આપતાં અરડુશાનો પસ્તાવો સર્વને કોર્ટમાં લઇ જવા.

પ્રવેશ છઠો—સેશન્સ કોર્ટ કોર્ટની અંદર કુદરતે કરેલો અદલ ઇન્સાફ બહાદુર ડીટેકટીવ ફ્રેજરનાં વાજબી વખાણ તથા મણી તરફથી તેને પાંચ લાખ રૂપીયાની ભેટ તથા નિમકહલાલ પોપટની વફાદારીના ઇનામમા મેનાં પોપટનો હસ્તમેલાપ તથા આનંદ આનંદ આનંદ

શ્રી સરસ્વતી નાટક સમાજ
જયોર્જ થીએટર સ્ટેશન રોડ
સુરત.

વ. તેજવાળા
"મનહર"

ॐ

श्री परमात्माने नमः

અદલ ઈન્સાફ નાટકનાં ગાયનો.

શ્રી મંગળાચરણ.

સ્તુતી.

બાળાઓ— 1

પ્રથમ પ્રણમીએ, વિનવીયે વિશ્વના સ્વામી,
કરો પ્રભુ દયા દ્રષ્ટી, આનંદની વૃષ્ટિ સૃષ્ટિ,
સરજનહારાહે બહું નામી.
ચરણ શરણ વિઘન હરણ વંદુ વિજય આપજો,
સુંમતી આપી, કુમતી કાપી, શાન્તિ શાન્તિ સ્થાપજો.

બાળાઓ 2

દઇ શુદ્ધ મતી ગતી, સરસ્વતી ભગવતી,
ભય ભીડભજન ભાગ્યવતી રતી ભરજો;
હરીજન મન કુમતી—
પરસ્પર વૈર વધ છે અતી, રતી ભરજો—હરિજન.
ઠરી રહેજો સઉના અંતરમાં, નિર્મળતા નારા ને નરમાં
ક ભલી ભાવના તણી ભરતી—રતી ભરજો.
દંપત્તી જે જ્ઞાનામૃત પીશે, લ્હાવ અમર સુખનો તે લેશે
જીવનની નૌકા તેની ભવ તરતી—રતી ભરજો.

મણીલાલ-વીગેરે— 3

બહાદુર બંકા, નહીં કરો શંકા, હરવાને પરધનને,

ખરાવવું એ ખુશાલીમાં, હુ દેવશંકરની ધારી.
પ્યારી સાથે ફરહું ખાહું હવા ડુમસની સારી,
મોટી કીમ્મત આપી એક મંગાવું મોટર ભારી,
બોલે પં બોલે પં બોલે પં પં પં—

મણી— ૮

મને ઉઠી છે અગન તુજ પ્રેમ તણી, ઝટ પ્રીતમ આવી
બુઝાવી તું દે.
સમતી નથી કે નથી કોઈ સીમા, ઝટ આવી સલુણા સમાવી તું દે.
ચીતમાં નથી આવતું ચેન કોઇ, રહી છું રસીયા દીન રેને રોઇ.
મુજ પ્રાણ દીધો તુજ માંહે પ્રોઇ, મન તહારૂં હવે તો મીલાવી તું દે
તજી રાગ સહુ હું વીરાગી બની, તલસું તુજ માટે હું ત્યાગી બની.
ઝટ આવી પ્રીયે બડ ભાગી બની, કંઈ પ્રેમની ધુન લગાવી તું દે.
રસિયા રમનાર ઝટ આવ હવે, મરતી મનહર તું બચાવ હવે.
તરૂણીને નહીં તરસાવ હવે, શુભ પ્રિતી સરીતા વહાવી તું દે.

આરકુમા તથા મેનેજર તથા ચંપા ૯

આવો લટકાળી નાર, કરો હેઠાણી પ્યાર,
આપો પહેલું કમીશન મારૂં;
હવે હા, હા, હા,
નારીના વેશે નખરેથી લોભાવી, કેવો લીધો મેં
ખચરને ફસાવી.

જરા મુખડું બતાવો તમારૂં,
ઊહુ, ના, ના, ના,

બસ ખોલી ઘુંઘટ આવ આતુરને ભેટ,
કેવો હંબગ છીટ, છીટ, આઉટ ઓફ એટીકેટ.
વા, વાબા, હા, હા,
ભુલ્યો, ચુકયો, લ્યો આ ઝુકયો.
પુરો ગમાર,
આપો પહેલું કમીશન મારૂં.

મણીલાલ— ૧૦

રમીને કપટ દાવ, જુગ્તી જણાવું,
છળવા છળે ધુર્ત, બાજી બીછાવું.
નરી ચતુરાઇ રદ કરૂ પલ માંઇ,
ભમમા ભમાવી, પ્રેમ ફંદનાં ફસાવું.

મણી— ૧૧

પુરણ કસોટીએ પરખોલ્યા પણનાં, કાળું કનક પડનારૂં,
નૈન અરીસામાં નીરખી લ્યો રસીયા, જણાશે હેત હમારૂં.
તનમન વારૂં છો સરવસ મારૂં— પુરણ.
નીર સંયોગી માછલી જીવ તજે નીર સુકે,
તેમ તમો વીણ આ પ્રેમદા પણ પ્રાણ તજે પલમાંય
સારસડો સ્નેહી વીયોગે વીંધાય—તનમન.

મણી તથા મણીલાલ— ૧૨

રંગે આવીરે, ભેટો શામ સલુણા મારા,
છે લોભાવીરે, પરવશ છેકજ કીધી પ્યારા.
સ્નેહ ભર્યું અંતર આ ઝલકે,
રસથી છલકે, મુખ આ મલકે.

અંગે લાવીરે, ભાવો યોવનના બહુ ન્યારા–ર ગે આવી.
ગમતી તું હંસી સુંદર
રમતી પ્રિતમ સર વર પર
વારે દીલભર તનમન તુજપર વારૂ પ્રીયદારા–ઓઆવીરે.

પોપટ ૧૩

નડે છે પોતાને અંતે નીજનું પાપ, નીજનુ પાપ, નીજનું પાપરે.
છુપાએ નહીં તે કદીયે ઢાંકતાં હોજી.
એહ નર પાપી આડા, આવે તેને એ આડા,
અંધ થઇને પડે આપોઆપ, આપોઆપ, આપો–ાપરે–છુંપા
ભલે પાપી લાએ, પુરો પાછળ પસ્તાએ.
તપે છે જ્યારે તેના તનમાં તાપ, તનમાં તાપ, તનમાં તાપરે–છુ–

ટેબલો

અંક બીજો.

ખધા ઠગ તથા કાંતીલાલ—૧૪

રહો શુરા ધરી પુરા હીંમતને હોંશીયારી,
પ્રપંચ જાળ નાખી ફાળ, રાખો ખબડદારી.
ફેંકેલ કપટ પાસો, દેવા ફરે એ ફાંસો,
જુઠો પડયો એ ઝાંસો, બીજી ઉઘાડો બારી.
ફીકર નહા, ડરી જઇ ન રહીશું હામ હારી–રહોશુરા.

કાન્તિલાલ તથા ઠગ— ૧૫

જાઉ ઝટપટ કરૂં હું કામ પાર, જુઓ ચતુરાઇ મારી.

બતાવો બસ આ ર, પ્રપંચીના પોબાર
બનું બૈરી હું બેશ, ઓળખાઉં ન લેશ,
રચી કરૂં પ્રવેશ છળ હુન્નરને
ઠીક, ઠીક, એ વિચાર,
બનો ઝટ સાહ્યકાર
લટકેથી મટકેથી ચાળા રે ચટકેથી, હરૂં જનમે—જઇ.

મણી ત સમીઆ — ૧૬
ખીલુ સરસ સુગંધીત પુલ ભ્રમર તે પર ગુંજન કરતો,
કળી રસ લઇ રમે રસ બસ થઈ;
ખરે મણુ જે પ્રમોદ રતી ધરતો.
વાહ પ્રેમ તુજ રગ હૃદય રંગે શું નવરંગ,
પ્રીય મનને પ્રતિ રંજન કરતો—ખીલું.

મણી નથ મણીલાલ — ૧૭
વચન વાંસલડીએ વશ કીધી હું નાર પ્રાણ પાતળીયા,
છેલ શામળીયા.
તું અલબેલી મળી રસઘેલી, અર્થ સહુ ફળીયા,
હું એ વેલી, પણ થઈ ઘેલી, મોહન તરૂ મળીયા,
સુભાગ્યે પુણ્ય પુરણ ભળીયાં—પ્રાણ પાતળીયા.

નાયકા ઉર્ફે કાન્તિલાલ— ૧૮
મોરા બાલા જોબનવા ન રહે બસમે,
કરૂં કાય ન સમાય, કંચુકી કસમેં—મોરા બાલા,
દીન રેન કરત હે પાપી, પપૈયા પીયુ પીયુ ગાન,

નિષ્ઠુર બલમા છોડ ગએ મયે, કીસ બીધ રાખુ પ્રાન
—મોરા બાલા.

ઘટા ચઢી સાવનકી કારી, ડર પાવત મન મોર,
મન ભાવન બીન હાય સતાવત, રતીપતી બલ જોર
—મોરા બાલા.

ઉસ્તાદ—
છુમ, છુમ, છુમ, છુમ, છેલ છબીલી બાજે મૃદંગ તાક ધીનક
તક તાક ધીનક તક તાક ધીનક તકતા— મોરા બાલા

મેના તથા પોપટ ૧૯
વાહ જોડી આ જુગતી મળી, હવે ફરશું ને ખેલીશું ખેલ,
કેમ, એમ.
ઢીંગલોને ઢીંગલડી વળી સાથે કરશું છુપામણી ગેલ,
એમ, એમ.
મેવો મીઠાઈ ખાંતે ખવરાવું, ચાલ, ચાલ ચોપાટીપર
જઈ અપાવું.
નહીં જો તું સમ ખાયે તો હું આવું.
લે તારા સમ, રમકડાંએ અપાવીશ,
ચાલ ત્યારે તો આવીશ— વાહ જોડી.

ચંપા—અંકુશા—ટપુડો— ૨૦
માઈ ડીયર એન્ડ ઓ માઈ લવ યુ આર,
વાવા, વાવા, ઉઘડયાં ભાગ્ય અપાર,
બાપા મને પરણાવશો આ રૂડી નાર—યુ આર.
તન મનના પ્યારા છો, નખરામાં ન્યારા છો,
હસી હસનારા છો, સુંદરને સારા છો.

બાપાજી મારા છો.
જા દુર થા આહા અરબસ્તાના ડ્રેસની બહા.—માઈ.
વાહ. વાહવા, કેવો હું આહ હા બન્યો છું.
વેરી વેલ ડ્રેસ એ ડબલ એસ.
યસ, યસ, યસ.
પ્લે ઓન ડેન્સ સમ મોર— માઈ.

મેનાં-પોપટ— ૨

બોલે બોલો પોપટજી મારા, ઓ મીઠુજી.
જા નહીં બોલું સાથ તારા,
વાહ મીઠુજી-
પોપટ તારી લીલી પાંખ નમણું છે રાતું નાક,
બોલ વે આ મેનાં રાંક.
આજે રીસાવ્યો છે મને પુરી પજવું હું તને
ઊંહુંહું વાહ મીઠુજી બોલો, બોલો,
પંપાળીને કહું પ્રેમથી પઢો પોપટજી રામ,
પગે પડે જો મેનાં મીઠી તો બોલ્યનું કામ.
લ્યો પગે પડી હવે બસ,
વેરી ગુડ યસ યસ.
વાહ મીઠુજી.— બોલો, બોલો,

પોપટ— ૨૨

ભોળા ભરમાઇ જઈ સમજીને શાન ચુકે,
સંગી દુર્જનના થઈ પંથ અવળે પાય મૂકે—ભોળા.
હીત વચનનો મતિ અંધ જન ઉલટો દે અન્યાય,

વાનરને શીખામણ દેતાં, સુગ્રીવનું ઘર જાય.
પાળી દુધ પાઇ અહીં પણ હરતો પ્રાણ ફુંકે–ભોળા.
જુઠ પુરીમાં સત્ય સોદાગર જઇને પસ્તાશે,
માલ ગુમાવે દાવ ન ફાવે, લોભ લુંટાશે.
વખત આ સાચાનો નહીં જગ જુઠાનેજ ઝુકે–ભોળા.

છોકરાઓ તથા અરડુસા ૨૩

જુઓ જુઓ કાકા બન્યા આ ગધેડા પાકા બન્યા
ખરેખર કાકા બન્યા આ, જોયા જેવા પાકા બન્યા
આ–જુઓ.
જુઓ જુઓ અરે ભાઇયો, આપણે ભુલ્યા આતો
કાકો નથી.
ત્યારે
આતો છે મુછાળી મડમ—મીસ ફુલાણા.
રખડેલ રાંડના ભેળા થઇને ઘડશે મારો ઘાટ
ફુજેતીન હું ચડયો ફાળકે, ડીયરે વાળ્યો ડાટ
જુઓ મડમ આ સાંઢીઆના જેવડી, ભેળા મળી આજ
કરો એની રેવડી.
હું પકડું નાક તમે આપો કુંદીપાક,
દે ધીસ, દે ધીસ, દે ધીસ, જુઓ, જુઓ, કાકા,

ફ્રેજર ૨૪

કયસી કટી યારો ઘડી ભારી,
ડાકુંઓકા સભી ગર્ભ ઉતારો;
ડેમારો, ડેમારો, બરછી કટાર પ્યારી—કટી—

કર દો ઠાર, ઝપટકર, સમકો,,
ધ્યાન જ્ઞાનસે કરો તયારી—હે મારો, હે મારો.

મણી ૨૫

ભોળી હું ભ્રમમાં ભુલીરે જુઠા જગમાં,
ફોગટ ફેશનમાં પુલીરે જુઠાં જગમાં
ઝાકળને મોતી જાણી, અબળા હું સ્ત્રી અટવાણી.
પહેલાં પરખ્યું નહી પાણીરે—જુઠા જગનાં—ભોળી.
નરદંભ પ્રેમમાં ડોલે, હું તારો એમજ બોલે.
મુખ અમિ અંતર વિષ ઘોલેરે-જુઠા જગમાં-ભોળી.
દેખ્યા વીણ ડગલું ભરીએ, ભવરણમાં ભટકી મરીએ.
જોઇ પાત્ર પ્રેમ તો કરીએરે—જુઠા જગમાં—

કાન્તિલાલ-અરદુશા-મેનેજર—૨૬

વાહ ટાઇસીકલ સાથે કેવા દીપો છો,
જાણે આવ્યો વિલાયતી વાંદરજી—વાહ, વાહ.
જુઓ એવી ચલાવું આજે
જેથી ધરણી ધણુણુણ ગાજે.
હવા પાલવાની ખાઉં વળી બેન્ડ સ્ટેન્ડ જાઉં,
ત્યાંથી ચોપાટી લાઉં જુઓ કેવી ચલાઉં.
બોલે, કુરરર, બોલે કુરરર, બોલે કુરરર, કુરરર, કુરરર,
જોજો કાકા જોઈ હાંકજો જોર કરીને ચડજો.
નહીં તો રખે બેક બેના દરીયામાં જઇને પડશો,
અરે વાહવા, ગો માઈ ડારલીંગ.
યસ,
મીસ્ટર ગો ઓન.

નાચનારીઓ— ૨૭

કાનજાને દો પ્યારે શ્યાન જાનેદો કાહે રોકો ડગરીયાં
સૈયાં ગહત મોરે તનકો છુવત હો.
છાંડો મુરારી બસ રહો બીહારી
મેરી બારી ઉમરીયાં— કાન જાને દો.
નાંહી અકેલી મેં હું સંગ સહેલીકે,
ફીર ચીકુંગી તુમે નીર ભરકર શીર ધરી ગગરીયાં—
કહાન જાનેદો.

નાચનારીઓ— ૨૮

ખીલી ખીલી હય યે મોરી નવ જવાની
રસ બસ બન મન રટત શ્યામ વો દીન રતીયાં-ખીલી.
મય હું બાલી ઓર નિરાલી.
ગાલોંમેં આઈ લાલી ફીર નયે નયે હોત કાલી.
મય હું ફૂલી ફાલી આલી સખી— ખીલી.
[સાખી]-આંકે પૈયા પ્યારે મારે કે.ઊ દીન યહાં તો આઇયે,
દરશન બિના તલપત હું મય બાલમ છબી બતલાઇયે.
બયાં ધરૂં પૈયાં પડૂં રસિયા ન કભી રિસાઇયે,
નાંહી સજનકી રીત યે, યહાં આઇયે વહાં જાઇયે.
કારી યે કટારી મોહે બિરહાકી લાગી તોરે
આજા પ્યારે કરે કુચ્છ બતિયાં—ખીલી.

સુમન તથા અરકુશા— ૨૯

ચાલ સુઆ દુર થા તુંઓ ઘેલા,
તાડી પીધેલા ને છકેલા.
તને ખવરાવું હું જલેબી ભારી

લાવું સુતરફેણી વલી સારી
જારે જારે ગમાર નીકળ અહીંથી બહાર
રંગ રાચ્યો
લે તમાચો
અરદુશા વીગેરે—

૩૦

ગઇ મુડી એળે ગઇ ધુળ મળી બાજી
દીઠ બાપના મુઠાજી, ના આહાહાહાહા
પાપ છુપાવ્યુ પણ પરખાયું
ધન ગુમાવ્યું (૨)
આહાહાહાહા
નામ ડુબાવ્યું
આહાહાહાહા— ગઇ મુડી.
ચલ ચલબે ગમાર
મીયાં ભુલ્યા જો
હવે પરણજો નાર
ના ચુકયો જો— ગઇ મુડી.

૩૧

તેજ અમર સત્ય દીવાકર દીપાવતો,
કાંતિ વિમળ શાંતી કમળને ખીલાવતો,
પાપ અંધારને સદ્દય સંહારી સુમાર્ગ સુચવતો...તેજ
પાપ પ્રલય ધર્મ વિજય કર્તા સદકૃતી,
પ્રણમોપદ મનહર નીત સૌમ્ય મુરતા.
સુમતી સુગતી સુરતી આપો શ્રીવર
શાંતી અચળ કરાયે વીનંતા, તેજ

शान्तिः शान्तिः शान्तिः